સુવિચાર : જીવનમાં વર્તમાન સમયનો સદુપયોગ કરનાર વ્યક્તિ જ ઉજ્જવળ ભવિષ્યની આશા રાખી શકે છે - જનકલ્યાણ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૫૪ | ૪ મે, ૨૦૧૫, સોમવાર ; વૈશાખ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




Page-6

## રાજ્યમાં ૨૫મીએ સ્વરાજ અભિયાન

### રાજ્યભરમાં યાત્રા યોજાશે : સ્થાનિક નેતાઓ આતંકવાદ વિરોધી બિલ, જમીન અધિગ્રહણ અને અન્ય મુદ્દા ઉઠાવશે

અમદાવાદ,તા. ૩

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ધ્યાનમાં લઈને ભાજપ અને કોંગ્રેસ સહિત તમામ મુખ્ય પક્ષોએ તૈયારીો હાથ ધરી છે. આમ આદમી પાર્ટી જાહેર મંચ ઉપર આંતરિક ખેંચતાણના કારણે પરેશાન છે ત્યારે આ પાર્ટીમાંથી હાલમાં જ અલગ થયેલા બળવાખોર નેતાઓ દ્વારા સ્વરાજ અભિયાનની શરૂઆત કરવામાં આવનાર છે. યોગેન્દ્ર યાદવ, પ્રશાંત ભૂષણ અને આનંદ કુમાર દ્વારા લોંચ કરવામાં આવેલા રાષ્ટ્રવ્યાપી સ્વરાજ અભિયાનના ભાગરુપે ૨૫મી મેના દિવસે ગુજરાતમાં પણ સ્વરાજ અભિયાનની શરૂઆત થઈ રહી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પર હાલ ભ્રષ્ટાચાર અનેગેરરીતિનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. સ્વરાજ અભિયાનના સભ્યો પૈકીના એક સભ્યએ માહિતી આપતા કહ્યું છે કે, અમે આ મુદ્દાને લઈને લોકો પાસે જઈશું અને તેમના અભિપ્રાય જાણવાના પ્રયાસ કરીશું. ચૂંટણીમાં કાર્યકરોને મેદાનમાં ઉતારવા જોઈએ કે કેમ તે અંગે પણ ચર્ચા કરાશે. લોકોને એકત્રિત કરવાના હેતુસર સ્વરાજ અભિયાનની યાત્રા રાજ્યભરમાં યોજાશે જ્યાં નેતાઓ આતંકવાદ વિરોધી બિલ, જમીન અધિગ્રહણ બિલ, લેબર એક્ટ જેવા સંવેદનશીલ મુદ્દાઓને ઉઠાવશે. અન્ય ઘણા મુદ્દાઓને પણ ઉઠાવવામાં આવશે. જાણકાર લોકોનું કહેવું છે કે, શાસક પક્ષની નબળાઈઓને લોકોની સમક્ષ રજૂ કરવામાં આવશે. લોકોની સત્તાને આંચકી લેવા ઈચ્છુક તત્વોની ગતિવિધિ ઉપર બ્રેક મુકવા પ્રયાસ કરાશે. સોશિયલ મિડિયાનો ઉપયોગ પણ મોટાપાયે કરવામાં આવનાર છે. લોકો સુધી પહોંચવા માટે સોશિયલ મિડિયાનો ઉપયોગ થશે.



સ્કેટીંગમાં સાતત્ય - શહેરની જાણીતી શિક્ષણ સંસ્થા સેંટ ઝેવિયર્સ ખાતે સમર કેમ્પ દરમિયાન રવિવારે સાંજે ચાર થી ૬ દરમિયાન સતત બે કલાક સ્કેટીંગનો અનોખો પ્રયોગ યોજાયો હતો. ૨૦૦થી વધુ બાળકોએ ભાગ લઈ આત્મવિશ્વાસનો અહેસાસ કરાવ્યો હતો. સ્કેટીંગ દ્વારા બાળકોમાં સંતુલન અને આત્મવિશ્વાસ વિકસે છે અને સાથો સાથ ગતિ માટે સતત પુરુષાર્થના ગુણોનું પ્રગટીકરણ થાય છે... (તસવીર સૌજન્ય : ડૉ. પ્રણવ જોષીપુરા)

## જિલ્લામાં રિસર્વેની કામગીરી ચાર માસમાં પૂર્ણ કરવા તાકીદ

### ૧૦૧ ગામોનું પ્રમોસગેશન સંપૂર્ણ થયું

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં જમીન રિસર્વેની કામગીરી ૪ માસમાં સંપન્ન થાય તે રીતે આગળ વધવા જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે જિલ્લાના અધિકારીઓને જણાવ્યુ છે.

ધીમી ગતિએ ચાલી રહેલી કામગીરીમાં ગતિ લાવવા તાકીદ કરતાં તેમણે જણાવ્યુ હતુ કે પ્રમોસગેશનની કાર્યવાહીમાં ચોકસાઈ વધુ જરૂરી છે પણ આ કામગીરી મિશન મોડ પર લેવી જોઈએ.

જિલ્લામાં હાલ ૧૦૧ ગામોમાં પ્રમોસગેશનની કામગીરી થઈ ચુકી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની સંખ્યાની તુલનામાં તે ૪૦ ટકા જેટલી થવા જાય છે.

તેમણે જણાવ્યુ હતુ કે ગ્રામ્ય વિસ્તારમાં નોટીસોની બજવણી અને અન્ય કામગીરી સુલેહભર્યા વાતાવરણમાં થાય તે પણ એટલુ જ જરૂરી છે.

જિલ્લામાં રિસર્વેની કામગીરી માટે તંત્ર દ્વારા આયોજનબદ્ધ રીતે આગળ વધવા માટે કલેક્ટરે આપેલા દિશા નિર્દેશ બાદ હવે આ કામગીરીને ઝડપી બનાવવા કમર કસી છે. જિલ્લા સેન્ડ રેકોર્ડઝ દ્વારા આ અંગેની દરખાસ્તો ઝડપથી તૈયાર કરવામાં આવી રહી છે. ૨૦૧૩ થી અમલમાં મુકાયેલ આ પ્રોજેક્ટ હવે સપ્ટેમ્બર-૧૫માં પૂર્ણ કરી દેવાશે તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે.

## સ્વચ્છતા મિશનમાં આજે આરોગ્ય સંકુલોની સફાઈની ચકાસણી થઈ

### ધારાસભ્યે સિવિલ હોસ્પિટલની તો ડેપ્યુટી મેયરે સેક્ટર-૨ના કેન્દ્રની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૩

ગતિશીલ ગુજરાત અંતર્ગત હાથ ધરાયેલ સ્વચ્છતા મિશનના બીજા તબક્કામાં આજે આરોગ્ય સંસ્થાઓની સફાઈનો મુદો હાથ લેવામાં આવ્યો હતો.

આજે રવિવારની રજાના દિવસે પણ અધિકારીઓ અને પદાધિકારીઓએ આરોગ્ય સંકુલોની મુલાકાત લઈ કામગીરી હાથ ધરી હતી.

આ સંસ્થાઓની સ્વચ્છતા માટે આરોગ્યતંત્ર દ્વારા એક ચેકલીસ્ટ તૈયાર કરવામાં આવ્યુ હતુ. જેમાં સ્વચ્છતાની સાથે સાથે સંકુલના કેમ્પસની સ્વચ્છતાને પણ આવરી લેવામાં આવી હતી.

જિલ્લામાં આરોગ્ય સેવાઓના સઘનીકરણ માટે પણ સૂચનો માંગવામાં આવ્યા છે. જો કે ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તબીબો રાત્રિ રોકાણ ફરજના સ્થળે નહિ કરતા હોવાની વ્યાપક ફરિયાદ અંગે તંત્ર મૌન ધારણ કરે છે.

ગાંધીનગર જિલ્લામાં આરોગ્ય સંકુલોના આધુનિક સેવાઓ અને સાધનો માટે લોકોની માંગ વધી રહી છે. ગાંધીનગર જિલ્લામાં સેવાઓના સઘનીકરણની સાથે સાથે ગુણવત્તાસભર સેવાઓ આપવાનું આયોજન આ અભિયાન પછી હાથ ધરાશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

દરમ્યાન ગાંધીનગર શહેરમાં ડે. મેયર શ્રી કાર્તિક પટેલે સે. ૨ના દવાખાનાની તો ધારાસભ્ય અશોક પટેલે ગાંધીનગર સિવિલ સંકુલની મુલાકાત લીધી હતી.

## આજે ગાંધીનગરમાં શિક્ષણ બોર્ડની સામાન્ય સભા

ગાંધીનગર,તા. ૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સામાન્ય સભા આવતીકાલે ગાંધીનગર ખાતે મળવાની છે. બોર્ડની પરીક્ષામાં છબરડા, નવી શાળાઓને મંજુરી તેમજ બોર્ડના વાર્ષિક હિસાબ વગેરે બાબતોને લઈને આ બેઠક હંગામી બની રહે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ આવતીકાલે મળનાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની બેઠકમાં બોર્ડના સભ્ય પ્રિયવદન કોરાટ દ્વારા રજૂ કરવામાં આવેલ ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા રદ કરવાના પોતાના પ્રસ્તાવમાં દાવો કર્યો છે કે, ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષામાં ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ હાજર રહે છે.

આ પરીક્ષા દરમિયાન શાળાઓનું શૈક્ષણિક કાર્ય બંધ રહે છે ત્યારબાદ ઉત્તરવહી મુલ્યાંકનનું કામ શાળાઓના જ શિક્ષકોને સોંપવામાં આવે છે જેના કારણે સમયમાં પણ શાળાઓમાં શૈક્ષણિક કાર્ય થઈ શકતું નથી જેથી ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા રદ કરીને શાળા કક્ષાએ લેવામાં આવે.

## સાઈબર સિક્યુરિટી સેન્ટર સ્થાપાશે

### ડીઆરડીઓ-જીટીયુ દ્વારા નિર્ણય કરાયો : ડીઆરડીઓ સાતથી આઠ ટેકનોલોજી ડેવલપમેન્ટ રિસર્ચ સેન્ટર બનાવશે : ડીઆરડીઓની સાથે કામ કરવાની તક

અમદાવાદ,તા. ૩

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી જીટીયુ સાથે મળીને સાયબર સિક્યુરિટી સેન્ટર ઈ-રક્ષા રિસર્ચ સેન્ટર સ્થાપિત કરવાનો નિર્ણય કર્યો છે. જીટીયુ ખાતે ડીએસ અને ચીફ કન્ટ્રોલર આરએન્ડડી સતીષકુમારે જાહેરાત કરી હતી કે, ડીઆરડીઓ આવા સાતથી આઠ ટેકનોલોજી ડેવલપમેન્ટ રિસર્ચ સેન્ટર સ્થાપિત કરવાની યોજના ધરાવે છે જેમાં આઈઆઈટી-મુંબઈ, આઈઆઈટી-કાનપુર, જાદવપુર યુનિવર્સિટી ખાતે સેન્ટરનો સમાવેશ થાય છે. ડીઆરડીઓ-એકેડેમિયા હેઠળ આ પહેલ હાથ ધરવામાં આવી છે. આ સિરિઝ હેઠળ પ્રથમ આવા સેન્ટર ઈ-રક્ષા સેન્ટર રહેશે. તેમણે એમ પણ કહ્યું હતું કે અતિ નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે અમે તૈયાર છીએ. ઝડપથી બદલાઈ રહેલી ટેકનોલોજીના વિશ્વમાં મોડ્યુલર અભિગમને અપનાવવા માટે અમે તૈયાર છીએ. સમગ્ર ભારતમાં ડીઆરડીઓ ૨૭૦૦૦ કર્મચારીઓ અને ૪૬ લેબ ધરાવે છે જેથી ડીઆરડીઓ સાથે કામ કરવા વિદ્યાર્થીઓ માટે ખુબ સારી તક છે. જીટીયુના વાઈસ ચાન્સલર અક્ષય અગ્રવાલે માહિતી આપતા કહ્યું હતું કે, અમારી યોજના જીટીયુને ગ્લોબલ રિસર્ચ સેન્ટર બનાવવાની છે. આ પ્રક્રિયામાં અમે આગળ વધી રહ્યા છે. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અન્યો સાથે સમગ્ર સિસ્ટમને આગળ લઈ જવા માટે કટિબદ્ધ છીએ.

કોલેજના ગ્રુપમાં જીટીયુ રિસર્ચને ટેકો આપશે. અમારા લોકો અમારી સંપત્તિ છે. જીટીયુ નેટવર્કની સ્થાપના કરવામાં વ્યસ્ત છે. ટીમો પણ બનાવવામાં આવી રહી છે. જીટીયુની અંદર આને મહત્વ અપાઈ રહ્યું છે. રિસર્ચ એડવાઈઝર પ્રદીપ શ્રીવાસ્તવે માહિતી આપતા કહ્યું હતું કે, અમારી યુનિવર્સિટી ઈકો સિસ્ટમની રચના કરવાના હેતુ સાથે સેન્ટર શરૂ કરવાની યોજના ધરાવે છે. સ્વદેશી ઈન્ડસ્ટ્રીની સક્રિયતા સાથે આગળ વધવામાં આવશે. જીટીયુ ચાંદખેડા કેમ્પસ ખાતે ખાસ બેઠક યોજાઈ હતી.

### બેઠકમાં કોણ-કોણ હાજર રહ્યું

અમદાવાદ,તા.૩

ચાંદખેડા કેમ્પસમાં જીટીયુ ખાતે ખાસ બેઠક યોજાઈ હતી. આમા અનેક ટોચની હસ્તીઓ ઉપસ્થિતિ રહી હતી જે હસ્તીઓ ઉપસ્થિત રહી તે નીચે મુજબ છે.

- સતીષકુમાર (ડીઆરડીઓના વૈજ્ઞાનિક-ચીફ કન્ટ્રોલર)
- મનિષ ભારદ્વાજ (ડીઆરડીઓના જનસંપર્ક અધિકારી)
- શેખર દત્ત (છત્તીસગઢના પૂર્વરાજ્યપાલ)
- એસડી પ્રધાન (પૂર્વ નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર)
- વરુણ કપૂર (આઈજીપી, મધ્યપ્રદેશ)
- સંજય શ્રીવાસ્તવ (એડીજી, ગુજરાત)
- ટીપીસી સિંહ (બાયસેગના ડિરેક્ટર)
- હરેશ ભટ્ટ (ઈસરોના વૈજ્ઞાનિક)
- કર્નલ બી પ્રસાદ (સાઈબર ફાઉન્ડેશનમાં બોર્ડ સભ્ય)
- હેમંત પટેલ (સાઈબે રોમના સીઈઓ)

### કાંકરિયા જલધારામાં ભારે ભીડ



તીવ્ર ગરમીથી રાહત મેળવવા માટે હાલમાં મોટી સંખ્યામાં લોકો કાંકરિયા જલધારા ખાતે પહોંચી રહ્યા છે. હાલમાં હાઉસફુલની સ્થિતિ જોવા મળી રહી છે. અમદાવાદ શહેરમાં પારો જેમ વધી રહ્યો છે તેમ જલધારા ખાતે પણ ક્રેઝ જોવા મળી રહ્યો છે. હાલ વેકેશન છે ત્યારે મોટી સંખ્યામાં સ્કુલી બાળકો ખાસ કરીને પહોંચી રહ્યા છે. કાંકરિયા પ્રાણીસંગ્રહાલયને જોવા જતાં બાળકો જલધારા ખાતે પણ પહોંચી રહ્યા છે. બાળકો માટે વિશેષ આકર્ષણ પણ રાખવામાં આવ્યા છે.


આન્સર-કી માટે

તા. ૩-૫-૨૦૧૫ના રોજ લેવાયેલ કોન્સ્ટેબલની પરીક્ષાના પેપરની આન્સર-કી માટે અમારી વેબસાઈટનો સંપર્ક કરો.

વિવેકાનંદ એકેડમી

www.vivekanandacademy.org

જોઈએ છે

જુના કલર ટી.વી.

૧૪'', ૨૦'' અને ૨૧''

બાંધ હાલતમાં

સંપર્ક : શૈલેષભાઈ - મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

ફોન : ૨૩૨૩૭૫૭૧

દુકાન ભાડે આપવાની છે

સિદ્ધરાજ ઝોરી, ખ-૦,

ફર્સ્ટ ફ્લોર -122 No.,

Size 551 Sq ft.

Mo. 7967271590


